# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૫

સૂર્યાસ્ત : ૭.૧૯

## તાપમાન

મહત્તમ : ૪૦.૬ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

**સવારે ૬૬ ટકા ● સાંજે ૩૧ ટકા**

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** રાઉડી રાઠોડ : ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :** રાઉડી રાઠોડ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૩ :** એમઆઈબી- ૩ (હિન્દી) : ૧૧.૧૫
રાઉડી રાઠોડ : ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :** હાઉસફુલ- ૨ : ૧૧.૩૦
વીકી ડોનર : ૨.૩૦
ઈશકઝાદે : ૪.૪૫ ● રાઉડી રાઠોડ : ૭.૧૫, ૧૦.૦૦

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** રાઉડી રાઠોડ : ૯.૦૦, ૨.૩૦, ૭.૪૫
મેન ઈન બ્લેક ૩ડી (હિન્દી) : ૧૨.૦૦, ૫.૧૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :** રાઉડી રાઠોડ : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૧૫

**સ્ક્રીન-૩ :** રાઉડી રાઠોડ : ૯.૪૫, ૧૨.૧૫, ૩.૦૦, ૮.૩૦
ઈશકઝાદે : ૫.૪૫

**સ્ક્રીન-૪ :** રાઉડી રાઠોડ : ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

આખા જગતની નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
રાઉડી રાઠોડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- રાત્રે ૯.૧૫ કલાકે, રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગની ગુજરાત રાજય સંગીત અકાદમી દ્વારા જ્યોતિ વૈદ્ય લિખિત અને રાજેશ રાણા દિગ્દર્શિત કોમેડી 'છલ છલોછલ' નાટક.

## આપની આજ

**- કિશોર ત્રિવેદી**

**મેષ** : આવકના સાધનોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સમાજ અને રાજકારણક્ષેત્રે લોકપ્રિયતામાં વધારો થઈ શકશે. સંચિત ધનમાં વૃદ્ધિના ઉત્તમ ગુપ્ત કાર્યોમાં રુચિ વધશે.

**વૃષભ** : કર્મક્ષેત્રમાં વિશિષ્ટ મહત્વપૂર્ણ કાર્યોમાં સમય પસાર થઈ શકશે. નકારાત્મક વિચારોને દુર કરીને ધ્યેય પ્રાપ્તિ તરફ આગળ વધવું. લંબિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મિથુન** : માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રે સહાય પ્રાપ્ત થઈ શકે છે. વેપારક્ષેત્રે ખોટું રોકાણ ન થાય તેની કાળજી રાખવી. વિરોધી આપના ઉપર હાવી થઈ શકે છે. વાહન ચલાવતાં કાળજી રાખવી.

**કર્ક** : ધર્મ સંબંધઈ કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. સામાજિક કાર્યોમાં પ્રવાસનું આયોજન થઈ શકશે. આરોગ્યને લઈને ચિંતા ઉદ્ભવી શકે છે. ખોટા વિવાદમાં ન ફસાવાય તેની તકેદારી રાખવી.

**સિંહ** : ઋતુ અનુસાર ખાનપાન કરવું હિતાવહ રહે. કુટુંબીજનોના આરોગ્ય પર વિશેષ ધ્યાન આપવું. વ્યાપારમાં ભાગીદારીથી લાભ થઈ શકશે. ભાગીદારીમાં પરિવર્તન વગેરેથી પણ વિશેષ લાભ પ્રાપ્ત થવાની સંભાવના છે.

**કન્યા** : જીવનસાથી સાથે તનાવ ઉભો થઈ શકે છે. કોર્ટ- કચેરીમાં શત્રુઓ પર વિજય પ્રાપ્ત થઈ શકે છે. કર્મક્ષેત્રમાં શોધના કાર્યો થઈ શકશે. વિવાદિત પ્રકરણમાં વિજય પ્રાપ્ત થઈ શકે છે.

**તુલા** : આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો પણ ઉકેલ આવી શકશે.

**વૃશ્ચિક** : માતૃપક્ષથી સંબંધીત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવના છે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. વ્યવસાયિક ગોપનિયતા બનાવી રાખવી આવશ્યક છે.

**ધન** : પ્રેમ સંબંધમાં આજે સફળતા મળવાનો યોગ છે. નોકરી-વ્યવસાયમાં કામની વ્યસ્તતામાં વધશે. કૌટુંબીજનો સાથે વિવાદ ન થાય તેની કાળજી રાખવી.નવીન કાર્યો કરવાની તક પ્રાપ્ત થઈ શકશે.

**મકર** : પ્રતિષ્ઠા ઉપલબ્ધિ વિશેષ ચિંતન સબંધી વિશેષ યોગ બની રહ્યો છે. આવકના સાધનોમાં વિસ્તારવા માટે વિશેષ ભાગ્યવર્ધક યાત્રાઓ થઈ શકે છે.

**કુંભ** : સામાજિક પદ, પ્રતિષ્ઠા, ભવન, વાહન સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. વિવાદિત કાર્યોમાં આર્થિક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : નોકરી, વ્યવસાયમાં કર્મક્ષેત્રમાં વિશેષ નિર્ણય અંગે વિવાદ થઈ શકે છે. રોગ,ઋણ, શત્રુ સંબંધી લંબિત પ્રશ્નોને લઈને ચિંતામાં વધારો થઈ શકે છે. સમય શાંતિથી પસાર કરવો.

## ચિરવિદાય

- સ્વ. સમુબેન મણીલાલ ભાવસાર (ઉ.વ. ૯૦), આરબીએલ, ડીએફ/૭, જીઆડીસી, વિડિયોકોન સામે, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. લક્ષ્મીચંદ મણીલાલ પરમાર (ઉ.વ.૬૧) મુ. પેથાપુર, સ્વામીનારાણય મંદિરની બાજુમાં. તા. જી. ગાંધીનગર.

## આવતી કાલે નિ:શુલ્ક ફિઝીયોથેરાપી કેમ્પનું સે-૨૨ અને સે-૭માં આયોજન

યુનાઈટેડ ફિઝીયોથેરાપી કલીનીક એન્ડ એરોબીક સેન્ટરના ડૉ. હાર્દિક તલાટીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આવતી કાલે તા. ૩જી જૂન ૨૦૧૨ને રવિવારે સવારે ૯ થી ૧ કલાક દરમિયાન સે-૭-બી, અને સેકટર-૨૨ ખાતે નિ:શુલ્ક ફિઝીયોથેરાપી કેમ્પ યોજાશે. શરીરના સાંધાઓના દર્દ માટે અતિ જરૂરી એવી ફિઝીયોથેપીનો ખાસ નિ:શુલ્ક કેમ્પ યુનાઈટેડ ફિઝીયોથેરાપી કલીનીક અને એરોબી સેન્ટર દ્વારા સેકટર-૭-બી, પ્લોટ નં. ૭૮૭/૧ ખાતે અને સેકટર-૨૨, પ્લોટ નં. ૨૯૧, બી/૬, સ્કાઈ વ્યુ કોમ્પ્લેક્ષ ખાતે યોજાશે. સવારે ૯ થી ૧ કલાક દરમિયાન યોજાનાર નિ:શુલ્ક ફિઝીયોથેરાપી કેમ્પમાં નિષ્ણાત ડોકટરો દ્વારા દર્દીઓને કસરત કરાવવામાં આવશે અને દર્દ સંદર્ભે જરૂરી માહિતી અને માર્ગદર્શન અપાશે.

## આજે સૅક્ટર-૨૩ ખાતે સુંદરકાંડના પાઠ

ગાંધીનગર, તા. ૧

સ્વાન્તઃ સુખાય અને જગદ્ હિતાય અર્થે સંગીતમય સુંદરકાંડ કથાપાઠનું આયોજન વિદ્યા લાયબ્રેરીના પ્રણેતા પ્રદીપસિંહ વાઘેલાના યજમાન પદે તા. બીજી જૂન ને શનિવારે રાત્રે ૮.૩૦ કપાકે પ્લૉટ નં. ૬૮૪/૨, પંચવટી સોસાયટી, સ્વામિનારાયણ ગુરુકુળ સામે, સૅક્ટર-૨૩ ખાતે કરવામાં આવ્યું છે.

પ્રસિદ્ધ કથાકાર અને લોક સાહિત્યકાર કન્હૈયાલાલજી મહારાજની વ્યાસપીઠે આ કથાપાઠનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા ભાવિકો નગરજનોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## શ્રી સમસ્ત બ્રહ્મસમાજ કારોબારીની રવિવારે બેઠક

ગાંધીનગર, તા.૧

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરની કારોબારી સમિતિની એક અગત્યની બેઠકનું આયોજન આગામી તા. ૩જી જૂનને રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે બ્રહ્મભવન, સેકટર-૧૬ ખાતે કરવામાં આવ્યું છે. બેઠકમાં જૂના વર્ષના હિસાબો સહિત બ્રહ્મભવન બાંધકામની વિગતો તથા તેજસ્વી તારલાઓનું સન્માન સમારોહ સહિતના વિવિધ વિષય પર ચર્ચા-વિચારણા કરવામાંઆવશે તેમ બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલે જણાવ્યું છે.

# સરકારી શાળાઓમાં પરિણામ સુધારણા માટે પાયલોટ પ્રોજેક્ટ

## નિષ્ણાંત શિક્ષકો સાહિત્ય તૈયાર કરી વિદ્યાર્થીઓને આપશે

ગાંધીનગર, તા.૧

શહેરમાં સ્થિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી શાળાઓના પરિણામ સુધારણાને અનુલક્ષી જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા 'પાયલોટ પ્રોજેકટ' અમલી બનાવાશે. પાયલોટ પ્રોજેકટ અન્વયે નિષ્ણાંત શિક્ષકોની ટીમ દ્વારા તૈયાર કરાયેલ સાહિત્ય વિદ્યાર્થીઓને આપવામાં આવશે.

શહેરની સરકારી શાળાઓના પરિણામનું સ્તર સુધારવા જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા આગામી શૈક્ષણિક સત્રથી 'પાયલોટ પ્રોજેકટ' અમલી બનાવાશે. જિલ્લા શિક્ષણ તંત્રના સૂત્રોના જણાવ્યા અનુસાર પરિણામ સુધારણાને ધ્યાને લઈ આ પ્રોજેકેટ અન્વયે શહેરની ૭ સરકારી માધ્યમિક શાળા ઉપરાંત ચાર ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જુદા જુદા વિષયને અનુલક્ષી શિક્ષકોની કમિટી બનાવાશે. જયારે વિષય નિષ્ણાંત શિક્ષકો દ્વારા વિષય સંબંધિત ચર્ચા વિચારણાના અંતે વિદ્યાર્થીઓને ધ્યાને લઈ યોગ્ય સાહિત્ય તૈયાર કરવામાં આવશે. જેના અંતે અલગ અલગ ટીમ દ્વારા તૈયાર કરાયેલ સાહિત્ય શાળાના વિદ્યાર્થીઓને સુપ્રત કરવામાં આવશે. અગાઉના વર્ષો દરમિયાન પણ શિક્ષણ તંત્ર દ્વારા વિદ્યાર્થીઓને તણાવમુકત અને ચિંતામુકત બનાવવા ભાર વિનાનું ભણતર અન ચિંતામુકત પરીક્ષા જેવા પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યા હતા. સૂત્રોન જણાવ્યા મુજબ 'પાયલોટ પ્રોજેકટ' અન્વયે ઉપલબ્ધ થનાર સાહિત્ય વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી થશે. વધુમાં શાળાઓના પરિણામ સુધારણા માટે પણ અસરકારક સાબિત થશે.

# ઝાક જી.આઈ.ડી.સી.માં સ્થિત કોલ્ડ સ્ટોરેજમાં પ્રચંડ આગ : કરોડોનું નુકશાન

## આગને કાબૂમાં લેવા લાખો લીટર પાણી ઠલવાયું : ગાંધીનગર અમદાવાદની ફાયર ટીમ કામે લાગી

ગાંધીનગર, તા.૧

દહેગામ તાલુકામાં સ્થિત ઝાક જી.આઈ.ડી.સી.માં આવેલ એક કોલ્ડ સ્ટોરેજમાં ગઈકાલે સાંજથી ભભૂકેલી આગમાં કરોડોનો કિંમતી માલસામાન બળીને રાખ થઈ ગયો છે. પાણીની ઉપલબ્ધિમાં વિલંબ થતા દિવસ રાત ભભૂકતી આગને કાબૂમાં લેવાનું મુશ્કેલ હોવાનું પણ ફાયરટીમના સૂત્રોએ જણાવ્યું છે.

બનાવની પ્રાપ્ય માહિતી અનુસાર દહેગામ તાલુકાના ઝાક ગામ ખાતે જી.આઈ.ડી.સી.માં સ્થિત અંબિકા કોલ્ડ સ્ટોરેજમાં ગઈકાલે મોડી સાંજે આગ ભભૂકી હતી. શોર્ટ સર્કીટના કારણે લાગેલી આ આગની જવાળાઓ ઉગ્ર સ્વરૂપે ફેલાતા આગનું જોર વધ્યું હતું.

જયારે આ બનાવ સંદર્ભે ફાયર તંત્રને જાણ કરાતા ગાંધીનગર અને અમદાવાદ ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી આગ ઓલવવાના પ્રયાસો શરૂ કર્યા હતા. પરંતુ આગનું જોર હળવું ન થતા પ્રચંડ આગને કાબુમાં લેવા પાણીની વધુ જરૂરીયાત ઉભી થઈ હતી. આવા સંજોગોમાં ઘટનાસ્થળ નજીકના વિસ્તારમાંથી પાણીનો જથ્થો ઉપલબ્ધ ન થઈ કે તેમ હોવાથી આગને કાબૂમાં લેવાનું કામ વધુ મુશ્કેલ બન્યું હતું. અમદાવાદ ફાયર તેમજ ગાંધીનગર ફાયર ઓફિસર મહેશ મોડ સહિતની ટીમે લાખો લીટર પાણી ફાળવી દીધા બાદ શુક્રવાર સાંજ સુધી પણ આગને સંપૂર્ણપણે કાબુમાં લઈ શકાઈ ન હતી. કોલ્ડ સ્ટોરેજમાં ભભૂકેલી આગની લપેટમાં ધાણાજીરૂ, હળદર, મરચા સહિતનો અન્ય કિંમતી માલનો જથ્થો બળીને રાખ થઈ જતા કરોડોનું નુકશાન થયું હોવાનો અંદાજ સૂત્રોએ વ્યકત કર્યો છે.

# કલા ગુર્જરી દ્વારા રવિવારે સૂરીલી ગઝલોનો કાર્યક્રમ

## ગુજરાતના ગઝલ સમ્રાટ ઉસ્માન મીર ગઝલોની મહેફિલ જમાવશે



ગાંધીનગર, તા. ૧

કલા ગુર્જરી દ્વારા સંસ્થાના સભ્યો માટે સુરીલી ને વાંરવાર સાંભળવી ગમે તેવી ગઝલોના એક કાર્યક્રમનું આયોજન આગામી તા. ૩ જૂનના રોજ ગાંધીનગર ટાઉનહૉલ ખાતે કરવામાં આવ્યું છે.

ચીલો ચાતરીને અવનવા સાંસ્કૃતિક કાર્યક્રમો પાટનગરની કલાપ્રેમી જનતા સમક્ષ રજૂ કરીને અને ગાંધીનગરની સાંસ્કૃતિક પરંપરા યોગ્ય સ્વરૂપે સ્થપાય અને જળવાઈ રહે એ માટે હંમેશા પ્રયત્નશીલ ગાંધીનગરની પોતાની જ સંસ્થા 'કલા ગુર્જરી'એ તેના અસ્તિત્વના છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ નિમિત્તે વર્ષના પ્રથમ કાર્યક્રમ તરીકે ગુજરાતના ગઝલ સમ્રાટ ઉસ્માન મીરની 'મજલિસે મીર' નામની ગઝલપ્રેમીઓની માનીતી અને જાણીતી ગઝલોની એક મહેફિલનું કલા ગુર્જરીએ આયોજન કર્યું છે. આ કાર્યક્રમમાં ઉસ્માન મીર મશહૂર ગઝલ ગયકો જગજિત સિંહ, મહેંદી હસન, ગુલામ અલી, કૈલાસ ખેર, નૂસરત ફતેહઅલી, ફરીદા ખાન વગેરેની ખ્યાતનામ ગઝલો પ્રસ્તુત કરશે.

કલા ગુર્જરીના સભ્યો માટે જ આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હોવાથી કલા રસિકોને કલા ગુર્જરીના સભ્ય થવા માટે જયરાજસિંહ સરવૈયા (૯૮૨૫૨ ૫૩૯૩૩), શરદ વ્યાસ (૯૮૨૫૩ ૩૨૯૨૩), ભાવિન પટેલ (૯૮૭૯૦ ૫૭૫૫૬), ઈલાબેન જોષી (૯૯૦૯૭ ૧૮૫૯૫), મનોજ જોષી (૯૮૨૫૪ ૪૭૭૩૩)નો સંપર્ક કરવા કલા ગુર્જરીના પ્રમુખ એન પી પટેલે અનુરોધ કર્યો છે.

# વર્તમાન સદીની છેલ્લી અવકાશી ઘટના નિહાળવા જાથાની અપીલ

ગાંધીનગર, તા. ૧

વર્તમાન સદીની છેલ્લી શુક્રનું અધિકરણ અવકાશી ઘટના નિહાળવા દેશવાસીઓ થનગની રહ્યા છે. ભારતના સૂર્યોદયના પ્રારંભથઈ અલૌકિક અવકાશી ઘટના નિહાળવા સૉલાર ફિલ્ટર ચશ્માના વિતરણનો પ્રારંભ ભારત જન વિજ્ઞાન જાથાએ કર્યો છે. શુક્રનું સંક્રમણ નરી આંખે જોવાથી અંધાપો આંખને નુકશાન થશે. વિજ્ઞાનના ઉપકરણ અને સાધનોથી એકધારું ન જોવા જાથાએ અપીલ કરી છે. હવે પછી કુદરતી અવકાશી સંક્રમણનો નજારો ૧૧મી ડિસેમ્બર ૨૧૧૭માં જોવા મળશે.

જાથાના રાજય ચેરમેન જયંત પંડ્યાએ જણાવ્યું કે બુધવારે શુક્ર સૂર્ય અને પૃથ્વીની વચ્ચેથી પસાર થવાનો છે. તે દરમિયાન દિવસે સુર્યોદયના પ્રારંભથી સૂર્યની સપાટી પર કાળા ટપકાં બિન્દુ સ્વરૂપે જોવા મળશે. સૂર્યની દક્ષિણ તરફના ભાગેથી પસાર થતાં શુક્ર ૩ મિલીમીટર વ્યાસ ટપકા રૂપે દેખાશે. સ્વચ્છ આકાશમાં આ ઘટના અદ્ભૂત જોવા મળશે. વાદળા વિલન ન બને તેવી વિજ્ઞાનપ્રેમીઓને ધારણા છે.

પૃથ્વી ઉપરના જીવિત લોકો માટે શુક્રનું સંક્રમણ છેલ્લો નજારો અવકાશી ઘટના છે. જયંત પંડ્યાએ જણાવ્યું કે ભારતમાં શુક્રનો સૂર્યબિંબમાં પ્રવેશ સવારે ૩-૩૯ મિનિટ થશે. સૂર્યમાં બહાર સવારે ૧૦-૨૦ મિનિટે નીકળશે. જાથાએ દેશભરની શાખાઓ અને રાજયમાં અવકાશી ઘટના નિહાળવા વ્યવસ્થઆ ગોઠવી છે. વિજ્ઞાન ઉપકરણો અને દેશી સુરક્ષિત સાધનોથઈ ઘટના જોઈ શકાય છે.

રાજયમાં વિજ્ઞાન કેન્દ્રો, ખગોળ રસિકો, જન વિજ્ઞાન જાથાએ ચશ્માનું વિતરણ આજથી શરૂ કરેલ છે. જે લોકો પાસે સૂર્યગ્રહણ જોવાના ચશ્મા સુરક્ષિત હોય તેનો ઉપયોગ કરી શકે છે.

## આજે સેકટર-૨-ડીમાં સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે આજે તા. ૨ જૂન ૨૦૧૨ને શનિવારે રાત્રે ૮.૩૦ કલાકે પ્લૉટ નં. ૧૭૧૭/૨, સેકટર-૨-ડી, સ્વામિનારાયણ મંદિરની બાજુમાં, ગાંધીનગર ખાતે સુંદરકાંડના સંગીતમય પાઠ યોજાશે. પારેખ પરિવારના યજમાન પદે યોજાનાર સુંદરકાંડના ભકિતમય પાઠમાં સૌ સ્નેહી ભકતજનોને પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# મને ગર્વ છે કે હું મારા ગુરૂનો સંગીત વારસો આગળ ધપાવુ છું

## છેલ્લા ચાર દાયકાથી વધુ સમયથી સંગીતની આરાધના કરતા પિનાકિનભાઈ વ્યાસ તેમના 'ગુરૂ' મનહરપ્રસાદ ભટ્ટની યાદમાં વર્ષમાં બે વાર સંગીતસભાનું આયોજન કરે છે



ગાંધીનગરના સંગીતક્ષેત્રમાં પિનાકિનભાઈ વ્યાસનું નામ ખુબ આદરથી લેવાય છે. અસંખ્ય વિદ્યાર્થીઓને અત્યાર સુધી સંગીતનું શિક્ષણ આપી ચુકેલા પિનાકિનભાઈ વ્યાસના ગુરૂજી મનહરપ્રસાદ ભટ્ટે સંગીતના વારસાની સાથે સાથે આધ્યાત્મિક વારસો પણ આપ્યો છે, જેની જાળવણી પિનાકિનભાઈ ગૌરવભેર કરી ગાંધીનગરના ઉગતા સંગીતના કલાકારોને માર્ગદર્શન આપી રહ્યા છે.

શાસ્ત્રીય અને ભક્તિ સંગીતમાં રસ ધરાવનારા ગાંધીનગરના સંગીતચાહકો અને વિદ્યાર્થીઓમાં પિનાકિનભાઈ વ્યાસનું નામ અજાણ્યુ નથી. અરવિંદ કેન્દ્રમાં વર્ષોથી ચાલતા તેમના સંગીતના વર્ગો હંમેશા વિદ્યાર્થીઓથી ખીચોખીચ ભરાયેલા રહે છે. સંગીતના ક્ષેત્રમાં થયેલુ તેમનુ નામ ૪૨ વર્ષની તેમની સુદીર્ઘ સંગીતયાત્રાને આભારી છે. પિનાકિનભાઈ કહે છે કે મે તો છેલ્લા ચાર દાયકાથી વધુ સમયથી સંગીતનો સતત રીયાઝ કર્યો જ છે. પરંતુ મને સંગીતમાં રસ લેતા કરવામાં મારા ગુરૂ મનહરપ્રસાદ રમણિકલાલ ભટ્ટનો બહુ મોટો ફાળો છે. હું જેમને ઉસ્તાદજી કહુ છુ તેવા મનહરપ્રસાદ ભટ્ટના માર્ગદર્શન હેઠળ સતત સાત વર્ષ સુધી મે સંગીતની આરાધના કરી છે અને વિશારદની પદવી મેળવી છે. વડોદરા જિલ્લાના નર્મદા કાંઠે સ્થિત અમારા ગામ ચાણોદની શાળામાં ઉત્સાદજી સંગીત શિક્ષક હતા. સંગીતના નિયમિત યોજાતા વર્ગોમાં તેઓ અમને માર્ગદર્શન આપતા ત્યારે તેમની આભા જોવા જેવી. અમારા ઘરમાં દર અઠવાડિયે ભક્તિસંગીતનો કાર્યક્રમ થતો એટલે સંગીતમાં રસ ખરો. તે પછી મનહરપ્રસાદ જેવા ગુરૂ મળ્યા એટલે સંગીતમાં જાગેલો રસ વધુ તીવ્ર બન્યો. શાળામાંથી નિવૃત્ત થયા બાદ તેઓએ જય દયારામ મંડળ શરૂ કરી વિદ્યાર્થીઓને સંગીતની તાલીમ આપવાની શરૂઆત કરી. પહેલા બે મહિના તો તેઓએ મને વર્ગના એક ખૂણે બેસાડી જ રાખ્યો. તે પછી મારી સંગીત શિખવાની અદમ્ય તાલાવેલી જોઈ તેમણે મને સંગીત શીખવવાનું શરૂ કર્યું. પછી તો પુછવુ જ શુ. સંગીતની દરેક નાની નાની બાબતોમાં તેમણે આપેલુ ઝીણવટભર્યુ માર્ગદર્શન મારી સંગીતયાત્રાને સુદીર્ઘ બનાવતુ ગયું.'

સંગીતની તાલીમ ચાલતી હતી તે જ વખતે પિનાકિનભાઈને ગાંધીનગર આવવાનું બન્યુ. સચિવાલયની નોકરીમાં જ્યારે સમય મળે ત્યારે તેઓ અચૂક પોતાના ઉસ્તાદજી પાસે પહોંચી જતાં અને માર્ગદર્શન મેળવતા. આમ સતત સાત વર્ષની સંગીતની સાધના બાદ તેઓ અન્ય પાંચ વિદ્યાર્થીઓ સાથે વિશારદ થયા ત્યારે સૌથી વધુ આનંદ તેમના ઉસ્તાદજીને જ હતો.

પિનાકિનભાઈ કહે છે કે તેઓની શિખવવાની કળા જ એટલી અદ્ભૂત હતી કે અરસિક વ્યક્તિને પણ સંગીતમાં થોડો ઘણો રસ જાગે. રાગદારીની સમજ, નવી બંદિશની જાણકારી તથા સ્વર-તાલની જાણકારીમાં તેઓ અવ્વલનંબર હતા. વિદ્યાર્થીઓને કેવી રીતે સંગીતની તાલીમ આપવી તેની સમજ મને ઉસ્તાદજીએ જ આપી. મારા માર્ગદર્શન હેઠળ અત્યાર સુધી ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ સંગીતની તાલીમ મેળવી છે. જ્યારે ચાર વિદ્યાર્થીઓ સંગીતમાં વિશારદ થયા છે. આજે મને જે કંઈ સફળતા મળી છે અને મારા શિષ્યોમાં મારો આદર સતત વધતો જાય છે તેની પાછળ મારા ઉસ્તાદજીના જ આશિર્વાદ છે. તેઓ હતા ત્યાં સુધી હુ દર ગુરૂ પુર્ણિમાએ ચાણોદ થઈ તેમના આશિર્વાદ મેળવતો. તેમના દેહવિલય બાદ વર્ષમાં બે વાર તેમની યાદીમાં હું સંગીત સભાનું આયોજન કરૂ છુ અને તેમના આશિર્વાદ મેળવુ છુ. મને ગર્વ છે કે હુ તેમના સંગીત અને આધ્યાત્મના વારસાને આગળ વધારી રહ્યો છું.



સંબંધ સજાવે જિંદગી

**બલિહારી ગુરુ આપ કી**

**- સ્વાતિબા રાઓલ**

gsrelation@yahoo.com